# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref no. PN 2025-26/102 Dt. 19/08/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા 'ટ્રમ્પ ટેરીફ વોર : ડીલ ઓર નો ડીલ – *Why It Won't Matter Much for India* વિષે સેશન યોજાયું

### ટેક્ષટાઇલ્સ, ડાયમંડસ અને કેમિકલ્સ જેવા ઉત્પાદનો માટે વૈકલ્પિક બજારો શોધવાની જરૂર છે, ભારત માટે યુરોપ, જાપાન, કોરિયા, લેટિન અમેરિકન દેશો અને આફ્રિકા એક્ષપોર્ટના દેશો બની શકે છે : ડો. એન્જીનિયર શ્રી સુનિલ પારેખ

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા સોમવાર, તા. ૧૮ ઓગષ્ટ ૨૦૨૫ના રોજ સાંજે ૫:૩૦ કલાકે સંહતિ, સરસાણા, સુરત ખાતે 'ટ્રમ્પ ટેરીફ વોર : ડીલ ઓર નો ડીલ – Why It Won't Matter Much for India' વિષે મહત્વનું સેશન યોજાયું હતું, જેમાં વક્તા તરીકે ડો. એન્જીનિયર શ્રી સુનિલ પારેખ (Chairman, CERC, Senior Strategy Advisor to Indian MNCs (Zydus Life Sciences & Jubilant Bhartia Group, Founding Curator, World Economic Forum (WEF) Geneva @ AGS) દ્વારા સરળ ભાષામાં જટિલ આંતરરાષ્ટ્રીય આર્થિક મુદ્દાની ખૂબ જ સારી રીતે સમજણ પૂરી પાડવામાં આવી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, ટ્રમ્પ ટેરીફ વોરનો સીધો અસરકારક પ્રભાવ ભારતમાં બહુ મોટો જોવા મળવાનો નથી. એટલે ઉદ્યોગ સાહસિકો અને એક્ષ્પોર્ટરોએ આને સંકટ તરીકે નહીં, પરંતુ તક તરીકે જોવાની દિશામાં વિચારવું જોઈએ. આ ટૂંકા ગાળાની ઊથલપાથલ હોવા છતાં ભારતની

અર્થવ્યવસ્થા પોતાની આંતરિક માંગ અને મજબૂત આધારને કારણે સુરક્ષિત છે. એટલે ડિલ હોય કે ન હોય ભારત માટે તેની અસર મર્યાદિત જ રહેશે.

ડો. એન્જીનિયર શ્રી સુનિલ પારેખે જણાવ્યું હતું કે, નાણાંકીય વર્ષ ૨૦૨૪–૨૫માં ભારતમાંથી ૮૨૪.૯ બિલિયન યુએસ ડોલરનું કુલ એક્ષ્પોર્ટ થયું હતું, એમાં અમેરિકાનો હિસ્સો ૭૭.૫ બિલિયન યુએસ ડોલરનો હતો. ભારતના કુલ જીડીપીમાં એક્ષ્પોર્ટનો હિસ્સો તુલનાત્મક રીતે નાનો છે, તેથી લાંબા ગાળે અમેરિકાના ટ્રમ્પ ટેરીફ વોરના બહુ મોટા નકારાત્મક પરિણામો નહીં થાય એવી નિષ્ણાતોની માન્યતા છે. આ અઠવાડિયે S&P ગ્લોબલ રેટીંગે ભારતની ક્રેડિટ રેટિંગમાં એક સ્તરનો સુધારો કર્યો છે, જે દર્શાવે છે કે લાંબા ગાળે ભારતની વૃદ્ધિ ક્ષમતા મજબૂત છે તેમ છતાં વિકસિત ભારત ૨૦૪૭ના લક્ષ્ય માટે ટ્રમ્પ ટેરીફ વોરની તાત્કાલિક અસરો ભારતના વૈશ્વિક વેપાર પર ખતરો ઉભો કરી શકે છે તેવી સંભાવના છે.

અમેરિકા માટે ભારતના મહત્વના એક્ષ્પોર્ટ ઉત્પાદનોમાં ટેક્ષ્ટાઇલ્સ, ફાર્માસ્યુટિકલ્સ, કેમિકલ્સ અને જેમ્સ એન્ડ જ્વેલરી જેવા ક્ષેત્રોનો સમાવેશ થાય છે. ગુજરાતમાંથી અમેરિકા એક્ષ્પોર્ટ થતા મુખ્ય ઉત્પાદનોમાં ડાયમંડસ, ફાર્માસ્યુટિકલ્સ (અત્યારે મુક્ત), ઇન્સેક્ટિસાઈડસ, બેડલિનન, જ્વેલરી, ટાયર્સ, ઇલેક્ટ્રિકલ કેબલ્સ, પ્લાસ્ટિક અને કેમિકલ ઉત્પાદનોનો સમાવેશ થાય છે.

ગુજરાત માટે અમેરિકી બજાર મહત્વપૂર્ણ છે, પરંતુ વૈશ્વિક પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને નવા બજારો તરફ ઝડપથી પ્રયત્ન કરવા જરૂરી છે. સેકટર વાઈઝ વાત કરીએ તો ફાર્મા, સેમિકન્ડકટર્સ, એનર્જી અને ઇલેકટ્રોનિકસ ક્ષેત્રોને હાલ મુક્તિ મળી છે, જેના કારણે આ સેકટર્સ માટે તાત્કાલિક જોખમ ઓછું છે. તેમ છતાં ટેક્ષ્ટાઇલ્સ, ડાયમંડસ અને કેમિકલ્સ જેવા ઉત્પાદનો માટે વૈકલ્પિક બજારો શોધવાની જરૂર છે. એના માટે યુરોપ, જાપાન, કોરિયા, લેટિન અમેરિકન દેશો અને આફ્રિકા ભારત માટે એક્ષ્પોર્ટના દેશો બની શકે છે. બ્રિકસ દેશો પણ વ્યાપાર સંતુલન માટે અગત્યની ભૂમિકા ભજવી શકે છે.

ડો. એન્જીનિયર શ્રી સુનિલ પારેખે જણાવ્યું હતું કે, કેનેડા અને મેકિસકોના કુલ નિકાસમાં અમેરિકા સૌથી મોટો હિસ્સો ધરાવે છે. કેનેડાના કુલ નિકાસમાંથી આશરે ૭૮% અને મેકિસકોના કુલ નિકાસમાંથી આશરે ૮૦% નિકાસ ફક્ત અમેરિકા તરફ થાય છે. એટલે અમેરિકાના બજારમાં આ દેશોની નિકાસ ખૂબ જ નિર્ભર છે. બીજી તરફ, ચીનની કુલ નિકાસમાંથી અમેરિકા તરફની નિકાસનો હિસ્સો ૧૫%થી પણ ઓછો છે. એટલે જો અમેરિકા ચીન પર વધારાના ટેરિફ લગાવે તો તેનો અસર તો પડશે, પરંતુ કેનેડા અને મેકિસકોની સરખામણીએ ઓછો રહેશે. તેનું મુખ્ય કારણ એ છે કે ચીનની નિકાસના બજારો ઘણાં વિસ્તૃત છે અને ઘણા દેશો સુધી પહોંચે છે.

જો અમેરિકા કેનેડા અને મેકિસકોની નિકાસ પર ૨૫% જેટલો વધારાનો કસ્ટમ ટેરિફ લગાવે તો તેનો ગંભીર પ્રભાવ તેમના અર્થતંત્ર પર પડશે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને કેનેડા, મેકિસકો અને ચીન આ ત્રણેય દેશો હવે અમેરિકા સિવાયના નવા બજારો શોધવા પ્રયાસ કરી રહ્યા છે. ખાસ કરીને યુરોપિયન યુનિયનને નવો વિકલ્પ બનાવીને નિકાસનું સંતુલન જાળવવાની દિશામાં તેઓ આગળ વધી રહ્યા છે.

શ્રી પારેખે ટ્રમ્પ ટેરીફને કારણે જે પરિસ્થિતિ ઉદ્‌ભવી છે તેના સોલ્યુશન્સ તરીકે અને ઓપ્શન્સ તરીકે વિવિધ મુદ્દાઓ રજૂ કર્યા હતા, જેમાં નેશનલ લેવલ પર, ચેમ્બરના લેવલે, કંપની લેવલ પર અને સીઇઓ લેવલ પર શું કરી શકાય તેની માહિતી આપી હતી. આ ઉપરાંત, જાપાન અને કોરિયા જેવા બાર ડેવલપ કન્ટ્રીનું સંઘટન છે કે જેમાં ચાઇના નથી તેની સાથે ભારતે વહેલી તકે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ સાઇન કરવા જોઇએ તેમ જણાવ્યું હતું, જેથી કરીને ભારતથી એક્ષ્પોર્ટને વધારી શકાય અને ટ્રમ્પ ટેરીફની વિપરીત અસરને નિવારી શકાય.

ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સેશનમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી તથા પૂર્વ પ્રમુખો શ્રી રમેશ વઘાસિયા અને શ્રી શરદચંદ્ર કાપડીયા તેમજ ઉદ્યોગ સાહસિકો, વેપારીઓ અને એક્ષ્પોર્ટરો સેશનમાં ઉપસ્થિત રહયા હતા. ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી સંજય પંજાબીએ સેશનનું સમગ્ર સંચાલન કર્યું હતું. એસજીસીસીઆઇ ગ્લોબલ કનેકટ કમિટીના ચેરમેન શ્રી દેવકિશન મંઘાણીએ વકતાનો પરિચય આપ્યો હતો. ઉદ્યોગ સાહસિકો અને એક્ષ્પોર્ટરોના વિવિધ સવાલોના વકતાએ સંતોષકારક જવાબો આપ્યા હતા અને ત્યારબાદ સેશનનું સમાપન થયું હતું.